## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રજાને જણાવી દો કે... જમીન સંપાદનનો કોઈ પ્રશ્ન સામે આવશે તો અમે બીજી જગ્યાએ આનાથી પણ વધુ ઉત્સાહથી ઉદ્‌ઘાટન કરીશું...!!

# શહેરમાં સીટી બસ સેવાનો આરંભ

### ૫ રૂ. મીનીબસ ભાડા સાથે લેવાનો આરંભ થયો : પ્રથમ દિવસે ૧૨ થી વધુ બસો સંચાલનમાં મુકાઈ

### એક સપ્તાહમાં ૩૦ જેટલી બસો અને વર્ષાંતે ૭૫ જેટલી બસો સંચાલનમાં હશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૮ માસ જેટલા વિલંબ બાદ આજે પુનઃ સીટીબસના સંચાલનને લીલી ઝંડી આપી આરંભ કરાવવામાં આવ્યો છે. સીટી બસના સંચાલન માટે નવી એજન્સી નિયુક્ત કરવામાં આવી છે અને તેને ૧-૮-૨૦૧૭ના રોજ વર્ક ઓર્ડર આવ્યા બાદ આજથી આ એજન્સીએ તેની સેવાઓ કાર્યરત કરી છે.

મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ કાઉન્સિલરોની હાજરીમાં આ બસને લીલી ઝંડી આપવામાં આવી હતી.

બસ સેવા શરૂ કર્યા બાદ સવા કરોડથી પણ વધુના ખર્ચે સીટી બસના બસ ડેપોનું ખાતમુહૂર્ત પણ આ આગેવાનોએ કર્યુ હતુ.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સીટી બસનુ સંચાલન પોષણક્ષમ બની રહે તે માટે મનપા દ્વારા ઘાટલોડિયા અને સોલા હાઈકોર્ટ સુધી બસ દોડાવવાની મંજૂરી મળે તેમજ ચાંદખેડા સુધી પણ બસ દોડાવવાની મંજૂરી સરકાર તરફથી મળે તે માટે શહેરી વિકાસ વિભાગને ટૂંકમાં જ દરખાસ્ત મોકલવામાં આવશે.

એજન્સી દ્વારા ૧ વર્ષમાં ૭૫ જેટલી નવી બસો રોડ પર મુકવામાં આવશે. હાલ ૧ ૨ થી વધુ બસોને રોડ પર મુકી અને તેના સંચાલનનો આરંભ કર્યો છે. એજન્સી દ્વારા રૂ. પાંચના મીનીમમ ભાડા સાથે લેવાનો આરંભ થયો છે.

ટિકિટના દર માટે સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલી છે. જેમાં મહત્તમ ભાડુ નક્કી થઈ આવેથી અમલી બનશે. જો કે આ દરખાસ્ત તેના અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળેલ છે.

# જર્જરિત મકાનના મુદ્દે પુન્દ્રાસણ પ્રાથમિક શાળાને યુવાનોની તાળાબંધી

### નવીન મકાનની માંગણીને દસ વર્ષથી ઠેબે ચઢાવાઈ રહી છે : ૪ ઓક્ટો.થી તાળાબંધીને કારણે પરીક્ષા લેવાઈ નથી છતાં તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામે સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો. ૧ થી ૮ના કુલ મળીને ૫૦૩ બાળકો માટેના આઠ ઓરડાના મકાનની જર્જરિત હાલતે વાલીઓને ચિંતાતુર કર્યા છે. વર્ષ ૧૯૫૦માં સ્થપાયેલી આ શાળાના મકાનનું મરામત કરાવવા અથવા નવીન મકાનનું બાંધકામ કરાવવા ગામના અગ્રણીઓ દ્વારા અનેક રજૂઆતો છતાં સરકારી તંત્રની ઉદાસીનતા જણાતા અંતે ગામના યુવાનો દ્વારા શાળાને તાળાબંધી કરવાની ફરજ પડી છે. હાલ શાળાકીય પરીક્ષાઓ હોવા છતાં તા. ૪થી ઓક્ટોબરથી શાળાની તાળાબંધી કરેલી છે. તેમ છતાં નિભંર નિદ્રામાં પોઢેલા તંત્રની જાડી ચામડી પર કોઈ જ અસર થવા પામી નથી.





છેલ્લા ૧૦ વર્ષથી શાળાના નવીન મકાનની માંગણીને ઠેબે ચઢાવવામાં આવી રહી છે અને બીજી તરફ હાલના જર્જરિત મકાનની છતમાંથી ખરતા પોપડાં બાળકો માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. અવારનવાર રજૂઆતો છતાં સરકારી તંત્ર તરફથી કોઈ જ પ્રતિભાવ પ્રાપ્ત ના થતા છેવટે જાગૃત યુવાનો દ્વારા શાળાની તાળાબંધી કરવાનું પગલુ ભરવામાં આવ્યું છે. આમ છતાં હજુ પણ જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ જ ઉકેલ લાવવા પ્રયાસ કરાયા નથી તે આશ્ચર્યજનક છે. હવે વિધાનસભાની ચૂંટણીઓ નજીક હોવાથી ગમે ત્યારે આચાર-સંહિતા લાગુ પડે તેમ છે. ત્યારે આ બાળકોના ભવિષ્ય અંગે સત્વરે નિર્ણય લેવાય અને નવીન મકાનનું કાર્ય હાથ ધરાય તેવી યુવાનો દ્વારા માંગ કરવામાં આવી છે અને જો સત્વરે આ માંગ પુરી કરવામાં નહી આવે તો વધુ જલદ આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# જિલ્લા પંચાયતમાં ૨૬ સિનીયર ક્લાર્કની બદલી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ૨૬ જેટલા સિનીયર ક્લાર્કની સામુહિક બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. જુનિયર ક્લાર્કમાંથી સિનીયર ક્લાર્ક તરીકે બઢતી અપાયા બાદ જુનિયર ક્લાર્કની જગ્યાઓ ભરાતાં આ બદલીનો ગંજીફો ચીપાશે તેવી અટકળો છેલ્લા એક સપ્તાહથી ચાલતી હતી.

આજે સાંજે બદલીના આ હુકમો જારી કરી દેવામાં આવ્યા છે અને હવે દિવાળીના દિવસોમાં બધા તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લેશે તેમ મનાઈ રહ્યું છે. બદલીઓમાં વ્યાપક ફેરફારો કરાયા છે પણ તાલુકાની ખાલી જગ્યાઓને ધ્યાને રાખી આ વિસ્તૃત હુકમો કરાયાનું જાણવા મળેલ છે. બદલીના સાંજે થયેલા હુકમોને પગલે કર્મચારી આલમમાં મિશ્ર પ્રત્યાઘાતો જોવા મળતા હતા. કારણ કે કેટલાકને જિલ્લામાંથી તાલુકામાં તો તાલુકામાંથી જિલ્લામાં મુકવામાં આવ્યા છે.

## ધણપ પાટિયા પાસે મોટરસાયકલની અડફેટે ભેંસો આવી જતાં મોટરસાયકલચાલકનું મોત

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના ધણપ પાટિયા નર્સરી પાસે મૂળ રહેવાસી હિંમતનગરના અમીતભાઈ હર્ષદભાઈ પંડ્યા, ઉં.વ. ૩૯, સવારે હિંમતનગરથી અમદાવાદ તરફ મોટરસાયકલ પર મીટીંગમાં જવા જઈ રહ્યા હતા. ત્યારે અચાનક ભેંસો આવી જતાં બ્રેક મારતા મોટરસાયકલ પરથી પટકાતાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઈજાગ્રસ્ત મોટરસાયકલ ચાલકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. ત્યાં સારવાર બાદ તેમનું મૃત્યુ નીપજ્યુ હતું.

# ચિલોડા ખાતે ભાજપની ગૌરવ યાત્રાનું ભવ્ય સ્વાગત

ચિલોડા, તા. ૯

સમગ્ર ગુજરાતના પ્રજાજનોમાં આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપ દ્વારા જનજાગૃતિ અભિયાનના ભાગ સ્વરૂપે ગૌરવયાત્રાનું આયોજન કરાયું છે. ગૌરવયાત્રાનો શુભારંભ ભારતની એકતાના શિલ્પી અને સ્વ. નાયબ વડાપ્રધાન સરદાર પટેલની કર્મભુમિ કરમસદથી કરાયો હતો. ભાજપની ગૌરવયાત્રા ગાંધીનગર જિલ્લામાં પ્રવેશતાં ગુજરાતના ગૌરવ અને અસ્મિતાને ઉજાગર કરતી આ યાત્રા જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે સવારે ૧૦.૩૦ વાગે આગમન થતાં ભાજપના કાર્યકર નરેશ દંતાણી, કાન્તીભાઈ પરમાર, સરોજબેન ઠાકોર તથા વસુમતીબેન પટેલે કુમકુમ તિલક કરી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે માનવ સંસાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકર, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, પ્રભારી મંત્રી નિર્મલાબેન વાઘવાણી, ગુજરાત પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલે ભાજપના કાર્યકરોને સંબોધન કર્યું હતું.



આ પ્રસંગે ગૌરવયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ચિલોડા ખાતે આગમ થતાં યુવા મોરચાના કાર્યકરોએ બાઈકરેલી સાથે સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે તેઓનું સરોજબેન ઠાકોરે, કુમ કુમ તિલક કરી ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. પ્રખ્યાત યાત્રાધામ ડભોડિયા હનુમાનશ્રીના ટ્રસ્ટીએ 'દાદા'ની પ્રતિમા ભેટ આપી સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ભાજપના મહામંડળના હોદ્દેદારો, આઈ.બી. વાઘેલા, કોદરભાઈ પટેલ, સી.કે. પટેલ, નૌલેષ શાહ, આશિષ દવે, અશોકભાઈ પટેલ- ધારાસભ્ય, એસ.પી. ઠાકોર, ગોરધનભાઈ ઝડફિયા, હિતેન્દ્ર પટેલ, લલિતસિંહ યાદવ સહિત દક્ષિણ વિધાનસભા વિસ્તારના ભાજપના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગૌરવયાત્રાનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ગૌરવયાત્રા દહેગામ ખાતે પ્રસ્થાન કર્યું હતું.

## છાલામાં સર્પદંશથી મહિલાનુ મૃત્યુ

ગાંધીનગર તાલુકાના છાલા ગામે સોમાભાઈ લાલજીભાઈ ચૌધરીના બોરકૂવા પરની ઓરડીમાં ઝેરી જનાવરે કરડતાં ઓરડીમાં રહેતા તેજલબેન રાજુભાઈ રાઠોડ (ઉં.વ. ૨૫)ના જમણા હાથની આંગળીને દંશ મારતાં ઝેર ચડતાં ઘટનાસ્થળે મોત નીપજ્યુ હતુ.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**નિવિદા નં. ૬ સને ૨૦૧૭**

કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, મોડાસા, શંકર નિવાસ, કચ્છ કડવા પટેલ સમાજવાડી સામે, શામળાજી રોડ, મોડાસા, જી. અરવલ્લી, પીન કોડ નં. ૩૮૩૩૧૫ (ફોન નં. ૦૨૭૭૪-૨૪૨૯૦૪) દ્વારા નીચે જણાવેલ કામગીરી માટે વિભાગીય કચેરી હસ્તકના પેટા વિભાગોમાં (૧) ભિલોડા અને મેઘરજ તાલુકાના ગામોમાં હયાત બોરમાંથી સબપંપ કાઢવા - ઉતારવા અને (૨) બોર મટીરીયલ બનાવી પુરા પાડવાના કામોની અંદાજીત રકમ રૂ. ૪.૯૪ અને ૪.૨૧ બાનાની રકમ રૂ. ૪૯૪૫.૦૦ અને ૪૨૧૩.૦૦ તેમજ ટેન્ડર ફી દરેક ટેન્ડર દીઠ રૂ. ૬૦૦.૦૦ રજૂ કરેથી અનુભવ ધરાવતા તેમજ દુકાન નોંધણી ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૬/૧૦/૨૦૧૭ અને રજી.પો.એ.ડી.થી પરત મેળવવાની છેલ્લી તા. ૨૬/૧૦/૨૦૧૭ છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૪૩૨/૨૦૧૭-૧૮





શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત

सत्यमेव जयते
ગુજરાત સરકાર



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

## જી.એસ.ટી.કાયદો - સાચા અર્થમાં ગ્રાહકોનો ફાયદો

વપરાશકાર માટે છૂપાયેલા અનેક વેરાઓના પરોક્ષ ભારણને બદલે એક જ પ્રત્યક્ષ વેરો એટલે જી.એસ.ટી.

| ચીજ-વસ્તુનુ નામ | જીએસટી પહેલા વેરાનુ ભારણ | જીએસટી પછી વેરાનો દર |
|---|---|---|
| ટૂથ પેસ્ટ | ૨૯ | ૧૮ |
| મિઠાઈ | ૭ | ૫ |
| સુગર કન્ફેક્શનરી | ૨૨ | ૧૮ |
| મિનરલ વોટર | ૨૯ | ૧૮ |
| સાબુ | ૨૯ | ૧૮ |
| એલ.પી.જી. સ્ટવ | ૨૨ | ૧૮ |
| ટૂથ પાવડર | ૨૯ | ૧૮ |
| વનસ્પતિ તેલ | ૬ | ૫ |
| કેચ અપ અને સોસ | ૧૫ | ૧૨ |
| ઘર વપરાશના તાંબાના વાસણો | ૧૯ | ૧૨ |
| બાળકોના ડ્રોઈંગ અને રંગના પુસ્તકો | ૭ | ૦ |
| એલ.ઈ.ડી. બલ્બ | ૨૨ | ૧૨ |
| એલ્યુમિનિયમ ફોઈલ | ૨૨ | ૧૮ |
| પગરખાં (પ્રતિ જોડી રૂ. ૫૦૦/- સુધીના) | ૧૧ | ૫ |
| હેર ઓઈલ | ૨૯ | ૧૮ |
| સ્કૂલ બેગ | ૨૨ | ૧૮ |
| મરી મસાલા | ૬ | ૫ |
| પ્રિન્ટર | ૨૯ | ૧૮ |
| સ્ટેપલર અને સ્ટેપલર પીન | ૨૯ | ૧૮ |
| હેલ્મેટ | ૨૨ | ૧૮ |
| બેબી કેરીએજ (બાબા ગાડી) | ૨૯ | ૧૮ |
| હેડ ગીયર અને તેના ભાગો | ૨૯ | ૧૮ |
| વાંસનું ફર્નિચર | ૨૨ | ૧૮ |

| ચીજ-વસ્તુનુ નામ | જીએસટી પહેલા વેરાનુ ભારણ | જીએસટી પછી વેરાનો દર |
|---|---|---|
| ઘર વપરાશના એલ્યુમિનિયમના વાસણો | ૧૯ | ૧૨ |
| મોબાઈલ ફોન | ૨૯ | ૧૨ |
| કાચમાંથી બનાવેલી વસ્તુઓ | ૨૯ | ૧૮ |
| ચિનાઈ માટી માંથી બનાવેલા ટેબલવેર, કિચનવેર, ટોઈલેટ માટેની અને ઘરવપરાશની વસ્તુઓ | ૨૯ | ૧૮ |
| ફોટોગ્રાફિક ફિલ્મ | ૨૯ | ૧૮ |
| ઘડીયાળ અને ઘડીયાળના કાચ | ૨૯ | ૧૮ |
| લેબોરેટરીમાં વપરાતા કાચના સાધનો | ૨૯ | ૧૮ |
| ચશ્માની ફ્રેમ | ૨૯ | ૧૮ |
| ઈલેક્ટ્રોનિક્સ રમકડાં | ૨૯ | ૧૮ |
| પગરખાં (પ્રતિ જોડી રૂ. ૫૦૦/- થી વધારેના) | ૨૨ | ૧૮ |
| બોલપેન/ફાઉન્ટેન પેનની શાહી | ૧૯ | ૧૨ |
| મીણબત્તી | ૧૯ | ૧૨ |
| લુબ્રીકેટીંગ ઓઈલ | ૩૧ | ૧૮ |
| વિનેગાર | ૨૯ | ૧૮ |
| પાર્ટીકલ બોર્ડ | ૧૫ | ૧૨ |
| રેફ્રીજરેટર અને વોશીંગમશીન | ૨૯ | ૨૮ |
| બ્રાન્ડેડ બિસ્કીટ (પ્રતિ કિલો રૂ.૧૦૦ થી વધુ કિંમતનાં) | ૨૨ | ૧૮ |
| નંબરવાળા ચશ્મા | ૧૮ | ૧૨ |
| તૈયાર કપડાં (પ્રતિ નંગ રૂ.૧૦૦૦ થી વધુ કિંમતના) | ૧૮ | ૧૨ |
| બ્રાન્ડેડ બેડશીટ (રૂ. ૧૦૦૦ થી વધુ કિંમતની) | ૧૮ | ૧૨ |
| બ્રાન્ડેડ નમકીન ભુજીયા | ૧૮ | ૫ |

કેન્દ્રીય વેચાણ વેરાનો દર જે ૨% હતો તે જોડવામાં આવે તો GST પહેલાનું ભારણ હજુ વધારે હશે. ● MRPમાં વેરાનો સમાવેશ થઈ જતો હોઈ, કોઈપણ સંજોગોમાં ચીજવસ્તુની કિંમત MRPથી વધુ હોઈ શકે નહીં

"સરળ ટેક્ષ વહીવટ માટે પ્રતિબધ્ધ ગુજરાત" -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

NATION TAX MARKET GST